# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

- ✓ સાંસદોની શપથવિધી સાથે 18મી લોકસભાના પ્રથમ સત્રનો પ્રારંભ
- ✓ પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું કે, વિક્સિત ભારતનું નિર્માણ કરવાની પ્રતિબધ્ધતા સાથે સત્ર શરૂ થઈ રહ્યું છે.
- ✓ નીટ-યુજી ગેરરીતી મામલે સીબીઆઇ અને ઇડી દ્વારા તપાસની માંગણી કરતી અરજી પર તાત્કાલિક સુનાવણીનો સર્વોચ્ચ અદાલતનો ઇન્કાર
- ✓ કેન્દ્ર સરકારે સંગ્રહખોરી અટકાવવા ઘઉંનાં જથ્થા પર નિયંત્રણો મૂક્યા.
- ✓ આવતીકાલથી નવી દિલ્હીમાં ભારતના યજમાનપદે ઇન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઇઝેશન, ISO કાઉન્સિલની બેઠક યોજાશે.
- ✓ T—20 ક્રિકેટ વિશ્વકપમાં સેન્ટ લુઈસ ખાતે ભારત સામે ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Lok Sabha Session - 1

18મી લોકસભાનાં પ્રથમ સત્રનો આજે પ્રારંભ થયો છે, જેમાં નવા ચૂંટાયેલા સાંસદોએ ગૃહના સભ્ય તરીકે શપથ લીધા હતા. ભાજપના સાંસદ ભર્તુહરિ મહતાબને રાષ્ટ્રપતિ ભવન ખાતે નવા ગૃહના સભ્ય અને વચગાળાના અધ્યક્ષ તરીકે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

લોકસભાનાં નેતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૌ પ્રથમ શપથ લીધા હતા. વચગાળાના અધ્યક્ષ ભર્તુહરિ મહતાબે શ્રી મોદીને શપથ લેવડાવ્યા હતા. ત્યારબાદ શ્રી મહતાબને અધ્યક્ષની ચૂંટણી થાય ત્યાં સુધી લોકસભાની કાર્યવાહી ચલાવવામાં મદદ કરવા ચેરપરસનની પેનલને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ભાજપના સાંસદો રાધામોહન સિંહ અને ફગ્ગન સિંહ કુલષ્ટેએ ચેરપર્સન પેનલના સભ્યો તરીકે શપથ લીધા હતા. જોકે, કોંગ્રેસનાં સાંસદો કે.સુરેશ, ડીએમકેના સાંસદ ટી.આર.બાલુ અને ટીએમસીના સુદીપ બંદોપાધ્યાયે પેનલના સભ્યો તરીકે શપથવિધીમાં હાજરી નહોતી આપી.

ત્યારબાદ, કેન્દ્રીય મંત્રીઓ રાજનાથ સિંહ, અમિત શાહ, નિતીન ગડકરી, શિવરાજસિંહ ચૌહાણ, મનોહર લાલ, પિયુષ ગોયલ, જીતનરામ માંઝી, રાજીવ રંજન, કિરેન રિજિજૂ, ચિરાગ પાસવાન, જ્યોતિરાદિત્ય સિંધિયા, અન્નપૂર્ણા દેવી, શપથ લીધા હતા.

કેન્દ્રીય મંત્રી અને ભાજપના ગુજરાત પ્રમુખ સીઆર પાટીલ અને જામનગરના સાંસદ પુનમબેન માડમ, અને પરસોત્તમ રૂપાલાએ ગુજરાતીમાં શપથ લીધા હતા.

કેન્દ્રીય મંત્રીઓ એચડી કુમારસ્વામી અને પ્રહલાદ જોશીએ કન્નડમાં, ધર્મેન્દ્ર પ્રધાન અને જુઆલ ઓરમે ઓડિયામાં શપથ લીધા હતા.

## Lok Sabha Session – 2

કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે આસામી ભાષામાં શપથ લીધા હતા. કેન્દ્રીય મંત્રી સુરેશ ગોપીએ મલયાલમ, ડોક્ટર જીતેન્દ્ર સિંહે ડોગરીમાં અને કેન્દ્રીય મંત્રી સુકાંતા મજુમદારે બંગાળી ભાષામાં શપથ લીધા હતા. કેન્દ્રીય મંત્રી દુર્ગાદાસ ઉકીએ સંસ્કૃતમાં શપથ લીધા હતા.

લોકસભાનું સત્ર શરૂ થયું તે પહેલાં સાંસદો તસવીરો લેતા અને એક બીજાને શુભકામના પાઠવતા જોવા મળ્યા હતા. ટીડીપીના સાંસદ કાલિસેટ્ટી સાયકલ પર સંસદ આવ્યા હતા. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, ટીએમસી, ડીએમકે સહિતનાં વિપશ્રી સાંસદો બંધારણની નકલ હાથમાં લઈને લોકસભામાં પ્રવેશ્યા હતા.

. . . . . . . . . . . . . . . . . .

## PM PARLIAMENT

સંસદની બહાર પત્રકારોને સંબોધતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, 18મી લોકસભાનું સત્ર વિક્સિત ભારતનું નિર્માણ કરવાની પ્રતિબધ્ધતા સાથે શરૂ

થઈ રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, તેમની સરકાર દેશની સેવા કરવા માટે સતત પ્રયાસ કરશે અને બધાંને સાથે લઈને લોકોની અપેક્ષાને પૂર્ણ કરશે.

કોંગ્રેસે નીટ પરિક્ષા, પશ્ચિમ બંગાળમાં તાજેતરમાં થયેલો રેલ અકસ્માત અને ફુગાવાના મુદ્દે સરકારની ટીકા કરી છે. પક્ષ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ સરકાર પર આ મુદ્દે મૌન ધારણ કરવાનો આરોપ મૂક્યો હતો. સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા પક્ષના નેતા રાહુલ ગાંધીએ સરકાર પર બંધારણનું અપમાન કરવાનો આરોપ મૂકતા જણાવ્યુ કે, સરકારનાં આ વલણને કારણે સંસદના સત્રનાં પ્રથમ દિવસે વિરોધ પક્ષના સાંસદો તેમનાં હાથમાં બંધારણની નકલો લઇને આવ્યા હતા.

. . . . . . . . . . . . . . . . .

## NEET UG

નીટ-યુજી ગેરરીતી કેસમાં સીબીઆઇ અને ઇડી દ્વારા તપાસની માંગણી કરતી અરજી પર તાત્કાલિક સુનાવણી કરવાનો સર્વોચ્ચ અદાલતે ઇનકાર કર્યો છે. ન્યાયમૂર્તિ અભય ઓકાના વડપણ હેઠળની બેન્ચે કેન્દ્રની તપાસ સંસ્થાઓને નોટિસ જારી કરવાનો ઇનકાર કરતા જણાવ્યું કે, પરિક્ષા રદ કરવા સહિતની માંગણીઓ કરતી સંખ્યાબંધ પિટિશન પર 8 જુલાઇએ સુનાવણી થવાની છે.

આ પિટિશનમાં જણાવવામાં આવ્યું છે કે, આ ગુનો ભારતીય દંડ સહિતા પૂરતો મર્યાદિત નથી અને આરોપીઓ સામે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ, 2022ની કડક જોગવાઈઓ પ્રમાણે કાર્યવાહી થવી જોઇએ.

દરમિયાન, પંચમહાલના ગોધરાની એક શાળામાં નીટ પરીક્ષામાં ગેરરીતીની તપાસ CBIને સોંપવામાં આવી છે. સીબીઆઇની ટીમ તપાસ માટે આજે ગોધરા પહોંચી હતી. તપાસ ટીમે પૂછપરછ શરૂ કરી છે.

દરમિયાન, નીટ પ્રશ્નપત્ર લીક થવાના કેસમાં મહારાષ્ટ્રનાં લાતુરની જીલ્લા પરિષદની શાળાના બે શિક્ષકો સંજય તુકારામ જાધવ અને જલીલ ઉમર ખાન પઠાણની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત ચાર વ્યક્તિ વિરુધ્ધ કેસ નોંધવામાં આવ્યો છે.

દરમિયાન, રાજીવ ગાંધી યુનિવર્સિટી ઓફ હેલ્થ સાયન્સના વાઇસ ચાન્સેલર ડો. એમ કે રમેશે જણાવ્યું છે કે, કેન્દ્ર સરકાર નીટ પરિક્ષાપત્ર ફુટવાની ઘટનામાં નિષ્પક્ષ તપાસ કરી રહી છે. બેંગલુરુમાં આકાશવાણી સાથેની મુલાકાતમાં તેમણે જણાવ્યું કે, પરિક્ષા નિષ્પક્ષ અને પારદર્શક રીતે યોજાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી તમામ હિતધારકોની છે.

. . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

## WHEAT - STOCK LIMITS

કેન્દ્ર સરકારે અન્ન સલામતી સુનિશ્ચિત કરવા અને સંગ્રહખોરી તથા સટ્ટાબાજી રોકવાના હેતુથી ઘઉંનાં જથ્થા પર નિયંત્રણ લાદ્યું છે, જે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં વેપારીઓ અને સંગ્રહખોરો, છુટક વેચાણ કરતા નાના અને મોટા વિક્રેતાઓ લાગુ પડશે.

નવી દિલ્હીમાં અન્ન અને જાહેર વિતરણ વિભાગના સચિવ સંજીવ ચોપડાએ જણાવ્યું કે, વેપારીઓ અને જથ્થાબંધ વિક્રેતાઓ માટે આ મર્યાદા ત્રણ હજાર ટન, નાના દુકાનદારો માટે 10 ટન અને તેમનાં ડેપો માટે 3000 ટનની મર્યાદા રહેશે, જે 31 માર્ચ, 2025 સુધી લાગુ રહેશે. દેશમાં ઘઉંની અછત હોવાના અહેવાલોને ફગાવતા તેમણે જણાવ્યું કે, દેશમાં ઘઉંની કોઈ અછત નથી.

. . . . . . . . . . . . . . . . . .

## International Sugar Organisation

આવતીકાલથી ભારતનાં યજમાનપદે નવી દિલ્હીમાં ઇન્ટરનેશનલ સુગર ઓર્ગેનાઇઝેશન, ISO કાઉન્સિલની બેઠક શરૂ થશે. ખાંડ અને જૈવ ઇંધણ ક્ષેત્રને

લગતાં મહત્વનાં મુદ્દા પર ચર્ચા માટે મળી રહેલી ત્રણ દિવસની આ બેઠકમાં 30થી વધુ દેશોનાં પ્રતિનિધીઓ હાજરી આપશે.

જૈવ ઇંધણ અને અન્ય આડપેદાશોનાં ઉત્પાદનમાં ભારતની આધુનિક ટેકનોલોજીનું નિદર્શન કરવા આંતરરાષ્ટ્રીય પ્રતિનિધીઓને ઉત્તરપ્રદેશનાં મુઝફ્ફરપુર ખાતેની અનાજ આધારિત ખાંડની ફેક્ટરીની મુલાકાતે લઈ જવામાં આવશે.

ભારત વિશ્વમાં ખાંડનું સૌથી મોટું ગ્રાહક અને બીજા ક્રમનું ઉત્પાદક હોવાથી આઇએસઓ કાઉન્સિલે ભારતને 2024 માટે સંગઠનનું અધ્યક્ષ જાહેર કર્યું છે.

. . . . . . . . . . . . . . . . . .

## Kashi Vishwanath Temple

વારાણસીમાં કાશી વિશ્વનાથ મંદિરમાં મળતા દાનમાં છેલ્લાં સાત વર્ષમાં ચાર ગણો વધારો થયો છે.

શ્રી કાશી વિશ્વનાથ મંદિર ટ્રસ્ટના સીઇઓ વિશ્વ ભુષણ મિશ્રાએ જણાવ્યું છે કે, છેલ્લાં સાત વર્ષમાં કાશી વિશ્વનાથ ધામમાં મળેલાં દાન, ટિકિટ અને તથા નવનિર્મિત ઇમારતોમાંથી થયેલી આવકમાં ચાર ગણો વધારો થયો છે.

કોવિડને કારણે 2020 અને 2021માં ભક્તોની સંખ્યામાં ઘટાડો થયો હતો, પણ તે પછીનાં વર્ષોમાં તેમાં અભૂતપુર્વ વધારો થયો છે. અગાઉ મંદિરની વાર્ષિક આવક 20.14 કરોડ રૂપિયા હતી, જે વધીને 86.79 કરોડ રૂપિયા થઈ છે. 13 ડિસેમ્બર,

2021નાં રોજ કાશી વિશ્વનાથ કોરિડોરનું ઉદઘાટન થયું ત્યારથી ભક્તોની સંખ્યા વધીને મે, 2024માં 16.22 કરોડ રૂપિયા થઈ હતી.

. . . . . . . . . . . . . . . . . .

## SC-KEJRIWAL

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે દારૂ નીતિ કેસમાં તેમને જામીન આપતા નીચલી અદાલતના આદેશ પર સ્ટે મૂકતા હાઇકોર્ટના આદેશ સામે કરેલી અરજી પરની સુનાવણી સર્વોચ્ચ અદાલતે બુધવાર પર મોકૂફ રાખી છે.

ન્યાયમૂર્તિ મનોજ મિશ્રા અને એસ.વી.એન. ભાટીની બનેલી પીઠે જણાવ્યું કે, તે ઇડી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર હાઇકોર્ટના ચૂકાદાની રાહ જોવા માંગે છે.

. . . . . . . . . . . . . . . . . .

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 30મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો શેર કરવા આમંત્રણ આપ્યું છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેકને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 દ્વારા

સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે. આગામી એપિસોડ માટેના તમામ સૂચનો આ મહિનાની 28મી તારીખ સુધી સ્વીકારવામાં આવશે.

30મી જૂને પ્રસારિત થનારો 111મો એપિસોડ હશે. શ્રી મોદી સતત ત્રીજી મુદત માટે પ્રધાનમંત્રી તરીકે પુન: ચૂંટાયા બાદ પ્રસારિત થનારો આ પ્રથમ એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું લાઈવ સ્ટ્રીમિંગ કરવામાં આવશે. આકાશવાણી હિન્દી પ્રસારણ પછી તરત જ પ્રાદેશિક ભાષાઓમાં કાર્યક્રમનું પ્રસારણ કરશે.

. . . . . . . . . . . . . . . . . .

## IPL T 20

I.C.C. T—20 ક્રિકેટ વિશ્વકપમાં સુપર એઇટ તબક્કામાં આજે સેન્ટ લુઈસ ખાતે ભારત સામે ઑસ્ટ્રેલિયાએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કરી છે. આવતીકાલે અફઘાનિસ્તાન અને બાંગલાદેશ વચ્ચે મેચ રમાશે.

દરમિયાન, આજે સવારે રમાયેલી મેચમાં દક્ષિણ આફ્રિકાએ વેસ્ટ ઈન્ડીઝને ત્રણ વિકેટથી હરાવી સેમિ-ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડીઝે 20 ઑવરમાં 8 વિકેટ ગુમાવી 135 રન બનાવ્યા હતા. જવાબમાં દક્ષિણ આફ્રિકાની ટીમે 16.1 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 124 રન બનાવ્યા હતા. જોકે વરસાદનું વિઘ્ન

નડતાં ડકવર્થ લુઈસ નિયમના આધારે દક્ષિણ આફ્રિકાને વિજેતા જાહેર કરવામાં આવ્યું.

. . . . . . . . . . . . . . . . . .